મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૬૩ ટકા
ગાંધીનગર તાપમાન

# સે-૧ માં ઘર પાસે ભુવો પડયો : વસાહતીઓ હેરાન



ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરના વીવીઆઈપી સેકટર-૧ના રહેણાંક વિસ્તારમાં છેલ્લા દસ દિવસથી ઘર આગળ મોટો ભુવો પડ્યો છે. તંત્ર સમક્ષ અનેકવાર રજુઆત કરવા છતા તંત્રના નિંદ્રાધીન અધિકારીઓના કાને વસાહતીઓની રજુઆત સંભળાતી નથી. ભુવો માર્ગ પર પડતા વાહનચાલકો તેમજ રાત્રીના સમયે ચાલતા નાગરીકોને પણ ભારે પરેસાની વેઠવાનો વારો આવે છે. ગટરની ચેમ્બર પાસે જ ભુવો પડતા ગટરનું ગંદુ પાણી ભરાઈ રહેતા નાગરીકોના આરોગ્ય સામે પણ ખતરો મંડરાઈ રહ્યો છે.

ગાંધીનગર શહેરના સેકટર-૧ વીવીઆઈપી તરીકે ઓળખાય છે. અહીંથી ફોન જાય એટલે અધિકારીઓ ઉભા થઈ જાય છે. પરંતુ છેલ્લા પખવાડીયાથી સેકટર-૧ના રહેણાંક વિસ્તાર પ્લોટ નં-૧૫૭-૨ના ઘર પાસે જ મસમોટો ભુવો પડ્યો છે. ભુવો ગટર પાસે જ પડતા ગટર પણ તુટી જવા પામી છે. જેથી ગટરના ગંદા પાણી તેમાં ભરાઈ રહેતા મચ્છરોનો ત્રાસ વધી જવા પામ્યો છે. શહેરમાં રોગાચાળો વકરી રહ્યો છે તેવી સ્થિતિમાં અહીં વસવાટ કરતા નાગરીકોના આરોગ્ય પણ ઝોખમાય તેવી સ્થિતિ છે. ભુવાને પગલે પેવરબ્લોક પણ તુટી જવા પામ્યા છે. ભુવો ૪ ફુટ ઉંડો હોય તેવું લાગી રહ્યું છે. માર્ગની બાજુમાં જ હોવાથી વાહન ચાલકો તેમજ નાગરીકોને ભારે પરેશાન વેઠવી પડે છે. સ્થાનિક વસાહતીઓ દ્વારા તંત્ર સમક્ષ અનેકવાર ફરિયાદ કરવા છતા કોઈ આ ભુવો રીપેર આવ્યું નથી. ત્યારે વીવીઆઈપી સેકટરની રજુઆત જો તંત્ર ઘોળીને પી જતું હોય તો સામાન્ય નાગરીકોની શું સ્થિતિ થતી હશે. રાત્રીના સમયે કોઈ ભુવામાં પડે તો ઈજા પણ પહોંચી શકે છે. ત્યારે તાત્કાલીક અસરથી ભુવો પુરવામાં આવે તેવી માંગ વસાહતીઓ કરી રહ્યા છે.



## @ગાંધીનગર

● સે-૨૩ બ્રહ્મસમાજ દ્વારા શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના ફાલ્ગુનભાઈ ત્રિવેદી, ૬ વિરાટનગર ખાતે રાત્રિના ૯ થી ૧૦ કલાક દરમિયાન યોજાશે.

● શ્રી રામધામ વાવોલ ખાતે રામકથા યોજાશે.

● શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શિવ મહિમ્ન પાઠ રાત્રિના ૯ થી ૧૦ કલાક દરમિયાન નરેન્દ્રભાઈ શુકલ, પ્લોટ નં. ૨૪૩/૧, કિસાનનગર ખાતે યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા શ્રાવણ માસ નિમિત્તે શિવ મહિમ્ન પાઠ દિનેશભાઈ દવે પ્લોટ નં. ૫૭/૨, સેકટર-૪-એ ખાતે યોજાશે.

● સે-૮ ત્ર્યંબકેશ્વર મહાદેવ ખાતે હોમાત્મક લઘુરૂદ્ર યજ્ઞ સવારે ૯.૩૦ કલાકે કરાશે.

## ગુજરાત સ્ટેટ એકવેટિક ચેમ્પિયનશીપ માટે સિલેકશન ટ્રાયલ યોજાશે

ગાંધીનગર, તા.૧૭

આગામી તા. ૨જી અને ૩જી સપ્ટેમ્બર દરમિયાન રાજકોટ ખાતે ૫૯મી ગુજરાત સ્ટેટ એકવેટિક ચેમ્પિયનશીપ ૨૦૧૭ યોજાશે. આ સ્પર્ધામાં ગાંધીનગર જિલ્લાના તરણવીરોની પસંદગી માટે આગામી તા. ૨૬મી ઓગસ્ટ શનિવારના રોજ સિલેકશન ટ્રાયલ યોજાશે. આ સિલેકશન ટ્રાયલમાં સામેલ થવા માંગતા તરણવીરોએ તા. ૨૨મી ઓગસ્ટ પહેલા ગાંધીનગર ડિસ્ટ્રીકટ સ્વીમીંગ એસોસિએશનના સેક્રેટરી ગુરુબક્ષસીંગ આનંદનો સંપર્ક સાધવા અખબારી યાદીમાં જણાવાયું છે.



ગાંધીનગરના નેહરુ યુવા કેન્દ્ર દ્વારા ૭૧મા સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે સેકટર-૧૬માં યુથ હોસ્ટેલ પ્રાંગણમાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે 'નયે ભારત કા સંકલ્પ' તથા સ્વચ્છતા અભિયાનના શપથ વિદ્યાર્થીઓએ લીધા હતા. આ સાથે એનએનએસ યુનિટના સ્વયંસેવકોએ જિલ્લામાં વિવિધ સ્થળે વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન, રાષ્ટ્રભકિત ગીતોના ગાન વગેરે કાર્યક્રમો યોજયા હતા. જેમાં નેહરુ યુવા કેન્દ્રના યુવા સંયોજક રજનીકાંત સુથાર, સરકારી વિજ્ઞાન કોલેજના આચાર્ય ડૉ. કમલ છાયા તથા એનએસએસના સ્વયંસેવકો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# શ્રાવણ માસમાં આઠમ સુધી જિલ્લામાંથી ૩૦૫ જુગારી પકડાયા

## જિલ્લા પોલિસની જુગારની ૧૦૩ રેઈડમાંથી ૫૪ રેઈડ સફળ રહી : રૂ. ૧૭.૪૪ લાખનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા.૧૭

શ્રાવણ માસ શરુ થતા જ શકુનીઓના હાથે જુગાર રમવાની ખંજવાળ શરુ થઈ ગઈ હતી. ત્યારે શ્રાવણની શરુઆતથી આઠમ સુધીમાં ગાંધીનગર જિલ્લાની અલગ અલગ પોલિસની ટીમોએ ૩૦૫ જુગારીઓને પકડી પાડયા હતા. જિલ્લા પોલિસે કુલ ૧૦૩ રેઈડ પાડી હતી. જેમાંથી ૫૪ રેઈડમાં સફળતા મળી હતી જયારે ૪૯ રેઈડમાં નીલ રીપોર્ટ કર્યો હતો. પોલિસે ૫૪ રેઈડમાં કુલ રૂ. ૧૭.૪૪ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ૩૦૫ જુગારીઓને પકડી કાયદેસરની કાર્યવાહી કરી હોવાનું જિલ્લા પોલીસના રેકર્ડ પરથી જાણવા મળ્યું છે.

ગાંધીનગર જિલ્લાના વિવિધ પોલિસ મથકો તથા એલસીબી, એસ.ઓ.જી. સહિત એજન્સીઓ દ્વારા શ્રાવણમાં જુગારધામ શરુ ન થઈ જાય તેનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું હતું. જિલ્લા પોલિસ વડા વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી જિલ્લાભરમાં કયાંય જુગારધામ શરુ થયું નહીં પરંતુ ખુણે-ખાંચરે જુગારીઓ પોતાની રીતે મંજુરી વિના જુગાર રમવા બેસી ગયા હતા. શ્રાવણના પહેલા દિવસથી આઠમ સુધી પોલિસ દ્વારા પાડવામાં આવેલી જુગારની ૧૭૩ રેઈડ પૈકી ૫૪ રેઈડમાં સફળતા મળી હતી અને ૫૪ જુગારની રેઈડમાં ૩૦૫ જુગારીઓને પકડી તેમની પાસેથી રોકડ રૂ. ૧૧,૭૮,૫૩૧નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે તો બીજી તરફ કુલ મુદ્દામાલ રૂ. ૧૧,૪૪,૯૩૧નો જપ્ત કરવામાં આવ્યો છે. જિલ્લા પોલિસ દ્વારા શ્રાવણ માસમાં અત્યાર સુધીમાં પાડવામાં આવેલી ૧૦૩ રેઈડમાં ૪૯ રેઈડ નિષ્ફળ ગઈ હોવાનું પોલિસ ચોપડે નોંધાયેલું છે.

## વાતવાતમાં

● સેકટર-૩૦ના છાપરામાં પડોશી દ્વારા રસ્તા પર કરાયેલા પાકા દબાણને મુદ્દે કરાયેલી ફરિયાદોને તંત્રએ કાને ન ધરતા એક આધેડે ફિનાઈલ પીને આપઘાત કરવા કોશિષ કરી હતી. આધેડને સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અપાઈ રહી છે અને હવે તેની તબિયત સુધારા પર છે.

● શહેરના છ-૫ સર્કલ પાસે એક તોતિંગ વૃક્ષ ધરાશાયી થવા પામ્યું હતું. આ પડેલું તોતિંગ વૃક્ષ રસ્તા વચ્ચે નડતરરૂપ હોવાથી વહેલી સવારથી જ તેને તાત્કાલિક હટાવવા શ્રમિકોને કામે લગાડાયા હતા.

● વાવોલની એક સોસાયટીમાં પાણીના બોરમાં ક્ષતિ સર્જાવાને પગલે પાણીની તંગી સર્જાઈ હતી જેના પગલે સોસાયટીના રહીશોમાં માથાકૂટ થતા એક યુવાને વરિષ્ઠ રહીશ સાથે છુટ્ટા હાથની મારામારી કરી હતી. યુવનના મારથી ઈજા પામેલ રહીશને સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અપાઈ હતી.

# સે-૧૬ પ્રાથમિક શાળામાં સ્વતંત્રતા પર્વ ઉજવાયું



ગાંધીનગરના સેકટર-૧૬ની પ્રાથમિક શાળામાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બીએડ તાલીમાર્થી ફાલ્ગુનીબેન તથા હેતલબેનના હસ્તે ધ્વજવંદન કરાયું હતું. આ કાર્યક્રમમાં સ્થાનિક અગ્રણી પ્રદિપસિંહ વાઘેલા, વિજયસિંહ માજીરાણા, જયેન્દ્રભાઈ તથા વેપારી મંડળના સભ્યો અને શાળા સંચાલન સમિતિના અધ્યક્ષ રંજનબેન સહિત વાલીગણ-વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા અને વિજયસિંહ માજીરાણાએ તુલસીનો છોડ અર્પણ કરી પર્યાવરણના જતનનો સંદેશ પાઠવ્યો હતો. કાર્યક્રમના અંતે આચાર્ય અરૂણભાઈ પટેલે આભાર વ્યકત કર્યો હતો.

## ટીંટોડા પ્રાથમિક શાળામાં સ્વતંત્રતા દિન ઉજવાયો



ગાંધીનગર તાલુકાના ટીંટોડા ગામે સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં પ્રાથમિક શાળાના બાળકોનું બુંદી પ્રસાદ સાથે મ્હોં મીઠું કરાવાયું હતું. રામજી મંદિરના મહંત લખીરામ બાપુના હસ્તે ધ્વજવંદન કરાવવા સાથે પ્રાથમિક શાળાના બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ રજૂ કર્યા હતા. બાળકોને જ્ઞાનસરિતા ભકત મંડળે બુંદીનું વિતરણ કર્યુ હતું. આ કાર્યક્રમમાં ગ્રામજનોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

## આઈ લવ માય ગાંધીનગર



**વિપુલ પ્રજાપતિ**
**ખજાનચી, જી ઈ કલબ**

**ગાંધીનગર ગમે**
ગાંધીનગર એ સ્વપ્નોની નગરી છે તેથી ગમે છે.

**નગરજનો**
માયાળુ અને દૂધમાં સાકરની જેમ ભળી જાય એવા સ્નેહાળ નગરજનો અહીં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
ગ્રો ફાઉન્ડેશન, કોસ્મિક પેનસિયા, ઈન્ડિયન રેડક્રૉસ સોસાયટી, જુનિયર સિટિઝન કાઉન્સિલ, સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, શ્રી ગજાનન સેવા સમિતિ, ગાંધીનગર શહેર વસાહત મંડળ, આર્ષ-અક્ષરધામ, કડી સર્વ વિશ્વવિદ્યાલય જેવી સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓથી વાકેફ પણ છું અને પ્રભાવિત પણ છું.

**નગરને બહેતર બનાવવા**
યુવાનોનું યોગદાન શહેર માટે લેવામાં આવે તો શહેરને બહેતર નહીં, બેસ્ટ બનાવી શકાય તેમ છે.

**નગર માટે હું કરી શકું**
કલા સંવર્ધન અને વ્યક્તિત્વ વિકાસના ઉપક્રમો માટે મારી સહાય શહેરને આપવા માટે હું તૈયાર, તત્પર છું.

## શાહપુર હત્યા પ્રકરણમાં બંને આરોપીઓ ૧૨ દિવસના રિમાન્ડ પર

દશેક દિવસ પહેલા શાહપુર ગામમાં પ્રેમીકાના પ્રેમીને ઘરે બોલાવીને પતિ અને જેઠે મળીને હત્યા કરી નાંખી હોવાની ચકચારી ઘટના બનવા પામી હતી. આ પ્રકરણમાં ડભોડા પોલિસે ગઈકાલે બંને આરોપીઓ પતિ અને જેઠની ધરપકડ કરી લીધી હતી. કોર્ટમાં રજુ કરતા બંને આરોપીઓના કોર્ટે ૧૨ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે.

શાહપુર ગામમાં રહેતા એક પરિણીય યુવાન માયકલ ઉર્ફે ગોવિંદ ઠાકોરને ગામની જ એક પરિણીતા સાથે પ્રેમ સંબંધ હતો. આ મામલે પરિણીતાના પતિએ પ્રેમી ગોવિંદને ઘરે બોલાવી તીક્ષ્ણ હથિયારના ઘા મારીને તેની હત્યા કરી નાંખી હતી. આ હત્યા અંગે મૃતકના ભાઈ સુનિલની ફરિયાદ આધારે ડભોડા પોલિસે ગુનો દાખલ કરી તપાસ શરુ કરી હતી. ડભોડા પીએસઆઈ ડી.બી. વાળાએ આરોપી અમરા ઠાકોર અને દશરથ ઠાકોરની ધરપકડ ગઈ સાંજે કરી લીધી હતી અને બંને આરોપીને આજે કોર્ટમાં રજુ કરાતા કોર્ટે બંને આરોપીની સઘન પુછપરછ માટે ૧૨ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. હત્યા કરવા માટે વપરાયેલું તિક્ષ્ણ હથિયાર રિકવર કરવા સહિત આ ગુનામાં અન્ય કોઈની સંડોવણી છે કે કેમ? તે સહિતની તપાસ ચાલી રહી છે.

# દ્વારકેશ રેસિડેન્સી ખાતે સ્વાતંત્ર્ય પર્વની હર્ષભેર ઉજવણી



ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના વાવોલ ખાતેની દ્વારકેશ રેસિડન્સી સોસાયટીમાં ૭૧મા સ્વતંત્રતા દિવસની ઉજવણી હર્ષભેર કરવામાં આવી હતી. સવારે પ્રભાત ફેરીથી પ્રારંભ થયેલ આ ઉજવણીમાં ધ્વજવંદન, શહીદોના માનમાં મૌન, બાળકોના સાંસ્કૃતિક કાર્યક્રમો તથા રમતોત્સવ તેમજ સ્વચ્છતા જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સોસાયટીના અબાલવૃધ્ધ સૌ કોઈ જોડાયા હતા.

દ્વારકેશ રસિડેન્સી ખાતે આયોજિત સ્વતંત્રતા પર્વની ઉજવણીમાં કટારલેખક તથા હેપ્પી યુથ કલબના પ્રમુખ સમીર રામી અને સોસાયટીના પ્રતિનિધિ કુલદીપ ચતુર્વેદીના હસ્તો રાષ્ટ્રધ્વજ ફરકાવાયો હતો. રાષ્ટ્રધ્વજ વંદન સાથે ઝંડા ગીત, વંદેમાતરમ અને રાષ્ટ્રગીત ગાવામાં આવ્યું હતું. ત્યારબાદ શહીદવીર જવાનોના માનમાં મૌન પાળવામાં આવ્યું હતું. ધ્વજવંદન બાદ સોસાયટીના બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરયા હતા તથા જુદી જુદી રમતોનો આનંદ માણ્યો હતો. કાર્યક્રમના અંતમાં સોસાયટીના રહીશો દ્વારા સ્વચ્છતા રેલીનું આયોજન કરાયું હતું. જેમાં સોસાયટી પરિસર તથા આસપાસના વિસ્તારની સફાઈ કરવા સાથે સ્વચ્છતા અંગે જાગૃતિ સંદેશ પાઠવવામાં આવ્યો હતો.

## લાયોનેસ કલબ દ્વારા જન્માષ્ટમીની ઉજવણી

ગાંધીનગર, તા.૧૭

લાયોનેસ કલબ દ્વારા ઝુલેલાલ મંદિરમાં જન્માષ્ટમીની ઉજવણી કરવામાં આવી હતી. તેમાં કૃષ્ણ લીલા, નૃત્ય નાટિકા, ગરબા જેવા કાર્યક્રમો યોજાયા હતા. પૂજન ડાન્સ એકેડમીના સંચાલિકા પ્રજ્ઞાબેન ગજ્જર દ્વારા સમગ્ર કાર્યક્રમ તૈયાર કરવામાં આવ્યો હતો.

ઝુલેલાલ મંદિરના આત્મારાભાઈ ખત્રી, અનિલભાઈ જયસિંઘાણી, રમેશભાઈ ચંદવાનીએ સુંદર સહકાર આપ્યો હતો.

આ પ્રસંગે લાયોનેસ પ્રમુખ મીનાક્ષીબેન જયસિંઘાણી, ફેસ્ટીવલ કમિટિ ચેરમેન મીનાબેન ત્રિવેદી, પાસ્ટ પ્રમુખ પ્રિયાબેન મણિક અને મોટી સંખ્યામાં લાયોનેસ બહેનો હાજર રહ્યા હતાં.

૧૫મી ઓગસ્ટ સ્વાતંત્ર્ય દિનની ઉજવણી સાહિત્ય સભાના ઉપાધ્યક્ષ તેમજ અગ્રણી સમાજસેવક સંજય થોરાતના નિવાસસ્થાન સે-૮ ખાતે કરવામાં આવી હતી. છેલ્લા ૧૫ વર્ષથી નિયમિત આ પર્વની ઉજવણી તેમના નિવાસસ્થાને કરવામાં આવે છે.



આ વખતે તેઓની અનુપસ્થિતિમાં આ પરંપરાને તેમના મિત્ર તેમજ આંતરરાષ્ટ્રીય બ્રાહ્મણ સાંસદના રાષ્ટ્રીય સચિવ ધારાશાસ્ત્રી અશ્વિનભાઈ ત્રિવેદીએ ખુબ જ સુંદર રીતે નિભાવી હતી. તેમણે ધ્વજવંદન કરી સ્નેહીજનોને શુભેચ્છા પાઠવી હતી.

સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી સમયે ડૉ. જયેશ શાહ, સાહિત્યકાર કિશોર જીકાદરા, સંગીતગુરુ પિનાકીનભાઈ વ્યાસ, વિદ્યા લાયબ્રેરીના પ્રદિપસિંહ વાઘેલા, સામાજીક કાર્યકર દિવ્ય ત્રિવેદી, વિજયસિંહ માજીરાણા, ભૂ. ડેપ્યુટી કલેકટર ઈકબાલ શેખ, ધારાશાસ્ત્રી સાથે પત્રકાર અમિતા વાઘેલા તેમજ વસાહતીઓએ ઉપસ્થિત રહીને દેશના નાગરિક તરીકેની ફરજ બજાવી હતી.

# ગાંધીનગર શહેરીજન સંસ્થા નિવૃત્ત સરકારી અધિકારી મંડળ સે-૭-ડીની રવિવારે સામાન્ય સભા

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરીજન સંસ્થા અને ગાંધીનગર નિવૃત્ત સરકારી અધિકારી મંડળ સેકટર-૭-ડીના સંયુકત ઉપક્રમે વાર્ષિક સામાન્ય સભા ચૌધરી શાળાના હોલમાં સાંજે સાડા ત્રણ કલાકે તા. ૨૦મી ઓગસ્ટના રોજ યોજાશે.

સામાન્ય સભા પ્રમુખ જયંતભાઈ ભટ્ટના પ્રમુખ સ્થાને યોજાશે. દર વર્ષની જેમ સે-૭-ડીના સભ્યોના સંતાનોએ ધો-૧ થી ૧૨માં મેળવેલ માર્કસને આધારે તેમને સન્માનપત્ર સાથે રોકડમાં પુરસ્કાર તેમજ નોટબુક, બોલપેન અને ચોકલેટ આપવામાં આવશે.

કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે અમરનાથ ભટ્ટ, અતિથિવિશેષ તરીકે સે-૭-ડીના કોર્પોરેટર કાર્તિકભાઈ પટેલ અને પાર્વતીબેન મધુકર પરમાર તથા ભૂપતભાઈ ભૂતડિયા ઉપસ્થિત રહેશે. જે સભ્યોએ ૭૫ વર્ષ પૂર્ણ કર્યા હોય તેમનું પણ સન્માન કરવામાં આવશે. જે સભ્યોના જન્મદિવસ ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં આવતા હોય તેવા સભ્યોનું પુષ્પગુચ્છથી બહુમાન કરવામાં આવશે. કાર્યક્રમનું સચાલન અને સંકલન પ્રમુખ જે.જી. ભટ્ટ કરશે તથા કાર્યક્રમના અંતે સર્વે સભ્યોને આઈસ્ક્રીમ આપવામાં આવશે તો સે-૭-ડીના સભ્યોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## ચિરવિદાય

- સ્વ. સોનલબેન પ્રવિણસિંહ ચાવડા, ઉ.વ. ૨૬
- સ્વ. ભગવાનભાઈ ડાહ્યાભાઈ ભંગી, ઉ.વ. ૬૦
- સ્વ. સંતોકબેન રવાજી ઠાકોર, ઉ.વ. ૭૫
- સ્વ. પાર્વતીબેન રમેશભાઈ ધંધુકીયા, ઉ.વ. ૬૦
- સ્વ. કૈલાસબેન ઈશ્વરભાઈ પટેલ, ઉ.વ. ૫૫